## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હે મારા દોડવીરો... હવે જળ બચાવવાના અભિયાન માટે દોડવા તૈયાર થઈ જાવ... આપણી પાસે બીજો ઉપાય પણ નથી..!!

## આવતીકાલે જિલ્લાના આયુર્વેદ-હોમિયોપેથી દવાખાનાઓ પર સુવર્ણપ્રાશન ટીંપા પીવડાવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં આગામી તા. ૧૦મી ઓગષ્ટે બાળકોને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ સરકારી આયુર્વેદ તથા હોમિયોપેથી દવાખાનાઓમાં શુક્રવારે સવારે ૮.૩૦થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૬ દરમ્યાન સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે.

બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે આયુર્વેદમાં જણાવેલ બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ધક ઔષધોથી બનેલ સુવર્ણપ્રાશન પુષ્યનક્ષત્રમાં ચટાડવામાં આવે તો તે ઉત્તમ ફળદાયી નીવડે છે. આગામી શુક્રવારે પુષ્યનક્ષત્ર યોગ હોવાથી જિલ્લાના સરકારી આયુર્વેદ તથા હોમિયોપેથી દવાખાનાઓ પર વસુધૈવ કુટુંમ્બકમ સંસ્થા દ્વારા જિલ્લા ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેટર માન્ય ડૉ. દવે સુવર્ણામૃત સીરપ નામના સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવાનું આયોજન હાથ ધરાયું છે. જેનો લાભ લેવા જાહેર જનતાને જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## આવતીકાલથી ઉમિયા મંદિરે 'રાખી મેલા'નું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં પ્રિટી વુમન્સ ક્લબ દ્વારા આગામી તા. ૧૦મીથી ૧૨મી ઓગષ્ટ દરમ્યાન રાખી મેલાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાખી મેલા શહેરના સેક્ટર૧૨ ખાતે ઉમિયા માતાજીના મંદિરે ઉમા સમાજભવન ખાતે યોજાશે.

'રાખી મેલા'નું મહિલાઓ દ્વારા ગૃહઉદ્યોગમાં ઉત્પાદિત કરવામાં આવતી ચીજવસ્તુઓએનું વેચાણ કરી આવક રળી શકે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ હેન્ડમેડ રાખડીઓ ઉપરાંત હેન્ડીક્રાફ્ટ આઈટમો, પેઈન્ટિંગ્સ, હેન્ડમેડ જ્વેલરી, રંગોળી, ઈન્ડો વેસ્ટર્ન વેર, ડિઝાઈનર્સ ડ્રેસીસ, સાડીઓ કુર્તિઓ અને કોસ્મેટિક્સ-પરફ્યુમ્સ વગેરે સહિત ૫૦થી વધારે સ્ટોલ્સ ઉપલબ્ધ હશે. આ રાખીમેલામાં દર બે કલાકે લકી ડ્રો તથા સેલ્ફી ફોટોબુથ જેવા આકર્ષણો ઉમેરવામાં આવ્યાં છે. રાખી મેલાનો શહેરની મહિલાઓ લાભ ઉઠાવે તે માટે આયોજક શિલ્પા દેસાઈ અને દક્ષા જાદવ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઝુંડાલમાં જોગણી માતાના મંદિર નજીકથી ત્રણ જુગારીઓ પકડાયા

### કલોલ તાલુકા પોલીસે પંચવટી વિસ્તારમાં દરોડો પાડી છ શકુનીઓને ઝડપી પાડયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાની અડાલજ પોલીસે ગઈકાલે ઝુંડાલ નજીક જોગણી માતાના મંદિર પાસે દરોડો પાડી ત્રણ શકુનીઓને પકડી પાડયા હતા તો બીજી તરફ કલોલ તાલુકા પોલીસે પંચવટી વિસ્તારમાં આવેલા હનુમાનજીના મંદિર પાસે દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમી રહેલા છ શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારના બંને કેસો અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તમામની ધરપકડ કરી લીધી છે.



પ્રાપ્ત વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.જી વાઘેલાની સૂચનાથી તેમની ટીમ દારૂ જુગારની પ્રવૃત્તિઓ આચરતા તત્વોને પકડવા સક્રિય થઈ છે ત્યારે ગઈ કાલે ચોક્કસ બાતમી મળી હતી કે ઝુંડાલ પાસે કલ્પતરુ સોસાયટી નજીક જોગણી માતાજીના મંદિર પાસે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીના આધારે અડાલજ પોલીસની ટીમે દરોડો પાડી મંદિર પાસે જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. કલ્પતરુ મિલેનિયમ સોસાયટીમાં રહેતા ભરત સોમા મકવાણા, ઝુંડાલ રહેતા પરબત ઉર્ફે બાલો બાદલજી ઠાકોર અને ઝુંડાલ સર્કલ નજીક છાપરામાં રહેતા જેસંગ મનસા દેવીપુજક મળીને ત્રણ શખ્સોની અડાલજ પોલીસે રોકડ રૂ. ૪૦૫૦ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ કલોલ તાલુકા પી.આઈ નિરજ પટેલની ટીમે ચોક્કસ બાતમીના આધારે કલોલ પંચવટી વિસ્તારમાં આવેલા સ્ટેટ બેંકની સામે હનુમાનજી મંદિરની નજીક દરોડો પાડયો હતો. મંદિર નજીક કેટલાક શખ્સો ટોળું વળીને બાજી માંડીને બેઠા હતા. પોલીસે દરોડો પાડીને બોરીસણા ગામના રમેશ ઈશ્વર પટેલ, કડી તાલુકાના ઘુમાસણ ગામમાં રહેતા જયેશ જીતુ રાજપૂત, કલોલ તાલુકાના પંચવટી વિસ્તારમાં આવેલા સૂર્ય મંદિર સોસાયટીમાં રહેતા દિપક દશરથ પટેલ, પંચવટી રેસિડેન્સીમાં રહેતા ધવલ અરવિંદ પટેલ, પંચવટીમાં અપૂર્વ બંગ્લોઝમાં રહેતા સતિષ મણિલાલ પટેલ અને સંસ્કૃતિ બંગલોઝમાં રહેતાં રાજેન્દ્ર કેશવલાલ પટેલ મળીને છ શકુનીઓને કલોલ તાલુકા પોલીસે જુગાર રમતા રંગે હાથ પકડી પાડી તેમની પાસેથી મોબાઈલ તથા વાહનો અને રોકડ રૂ. ૫૩,૫૧૦ મળીને કુલ રૂ. ૫,૧૦,૦૧૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં પણ કડક ટ્રાફિક ડ્રાઈવથી નાગરિકો આનંદિત

### ગેરકાયદેસર દબાણો બાદ હવે આડેધડ પાર્કિંગ અને ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘન પ્રત્યે તંત્રની લાલ આંખ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ પાર્કિંગ અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો પ્રત્યે લાલ આંખ કરવામાં આવી છે. જેના પગલે નાગરિકોમાં આનંદની લાગણી પ્રવર્તતી





જોવા મળી રહી છે. શહેરમાં વિવિધ કોમર્શિયલ વિસ્તારોમાં યોજાઈ રહેલી સીલસીલાબંધ ટ્રાફિકડ્રાઈવ આજકાલ ટોક ઓફ ધ ટાઉન બનવા પામી છે.

છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદ ખાતે દબાણ હટાવ ઝુંબેશ સાથે કડક ટ્રાફિક ડ્રાઈવની નીતિ અપનાવવાને શહેરીજનોએ પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો છે તે મુજબના અસંખ્ય સંદેશા, ફોટોઝ અને વિડિયોઝ સોશ્યલ મિડિયા પર ખૂબ વાઈરલ થવા પામ્યાં છે. આ પગલે ગાંધીનગરમાં પણ હવે દબાણ હટાવ ઝુંબેશ સાથે ટ્રાફિક ડ્રાઈવનો પણ અસરકારક અમલ શરૂ કરતા પ્રજામાં આનંદની લહેર પ્રસરા પામી છે. છેલ્લાં કેટલાય સમયથી શહેરના કોમર્શિયલ વિસ્તારો જેવા કે સેક્ટર-૨૧, સેક્ટર-૧૬, સેક્ટર-૧૧, ઈન્ફોસિટી, કુડાસણ તથા ઘ-૫ વગેરે સ્થળે વાહનોના આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિકજામની સમસ્યાઓ સતાવી રહી હતી. આ બાબતે શહેરીજનોમાં ટ્રાફિક પોલીસ સહિત સમગ્ર તંત્ર પ્રત્યે રોષની લાગણી પણ પ્રવર્તતી રહી હતી ત્યારે હવે તંત્ર દ્વારા ટ્રાફિકના નિયમોના ભંગ કરનારા વાહનચાલકો સહિત બેજવાબદાર પાર્કિંગ પ્રત્યે પણ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવતા રાહતની લાગણી પ્રસરવા પામી છે. આ કારણે ટ્રાફિક ડ્રાઈવ જે વિસ્તારમાં યોજાઈ રહી છે ત્યાં નાગરિકોનો સહયોગ પણ પોલીસને પ્રાપ્ત થઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસથી શહેરમાં ગેરકાયદેસર દબાણો પ્રત્યે તંત્રએ કડક હાથે કામ લેવાનું ચાલુ કર્યુ છે અને શહેરમાંથી હંગામી દબાણો ઉપરાંત ગુડા વિસ્તારમાંથી પાકા દબાણો પણ કોઈની શેહશરમ વગર હટાવાઈ રહ્યાં છે. આ સાથે ટ્રાફિક બાબતે પણ કડક વલણ અખત્યાર કરતા સોનામાં સુગંધ ભળી હોય તેવું નાગરિકોને અનુભવાઈ રહ્યું છે.

## આર.એન. પટેલ પ્રાથમિક શાળાના બાળકોનો પ્રવાસ





ગાંધીનગરના સેક્ટર-૨૩ની આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૬ના ૧૩૫ બાળકોને તાજેતરમાં કોબાના જૈન આરાધના કેન્દ્ર તથા પૌરાણિક અડાલજ વાવના શૈક્ષણિક પ્રવાસે લઈ જવાયાં હતા. જૈન આરાધના કેન્દ્રમાં બાળકોએ ભોજપત્રો, તાડપત્રો, તામ્રપત્રો, શિલાલેખો જેવા ઐતિહાસિક અવશેષો તેમજ અડાલજની વાવ ખાતે શિલ્પ સ્થાપત્ય કળાની બેનમૂન કારીગરીને નિહાળી હતી.

**THE ANDHRA PETROCHEMICALS LIMITED**

Venkatarayapuram, Tanuku-534215, W.G. Dist. Andhra Pradesh

Nottice is hereby given that the original share certificate No. 246707 (distinctive Nos. 38609901 to 38610000) for 100 equity shares of Rs. 10/- each (Folio No. 89126) issued in favour of Mr. CHANDER KANT has been reported lost. If no. objection is received within fifteen days from the date of publication of this advertisement, the Company will consider issue og duplicate share certificate in lieu of the aforesaid original share certificate, reported lost.

**for THE ANDHRA PETROCHEMICALS LIMITED**
**(K RAGHU RAM)**
**Manager (Finance) &**
**Asst. Company Secretary**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

# 'આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ'

## ૯ ઓગસ્ટ ૨૦૧૮



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત





શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ વિકાસ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો

### વનબંધુ સશક્તિકરણ માટેનાં નક્કર પગલાં

- વનબંધુ કલ્યાણ યોજનાઃ આદિજાતિ વિકાસ માટે રૂા.૮૨,૦૦૦ કરોડની ફાળવણી
- પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલઃ આદિજાતિ સમાજને જંગલની જળ-જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- આદિવાસીઓના બંધારણીય અધિકારોનું રક્ષણ કરતા જાતિ પ્રમાણપત્ર માટેનો કાયદો તા. ૨૮-૩-૨૦૧૮ના રોજ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૯૧ એકલવ્ય શાળાઓઃ ૩૦,૧૭૨ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ
- આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની (રાજપીપળા ખાતે) સ્થાપના કરી છે
- આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી વિશેના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે ૪૦ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે
- સમરસ હોસ્ટેલઃ છ મહાનગરોમાં કોલેજકક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- મેડીકલ/ઇજનેર અભ્યાસ માટે આદિજાતિના ૫૮૬૬ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગઃ ચાલુ વર્ષમાં ૧,૮૮૧ વિદ્યાર્થીઓ મેડીકલ પ્રવેશ માટે પાત્ર

આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત